This Question Paper consists of 8 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 8 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

Code No. 71/S/207/A/G
કોડ નં.

Set / સેટ - A

# GUJARATI
# ગુજરાતી
# (207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ____________________

Signature of Invigilators 1. ____________________
(નિરીક્ષકોની સહી)
2. ____________________

UNNATI EDUCATIONS
EK KADAM UNNATI KI AUR

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D)માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર-પુસ્તિકામાં લખવો.

5. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 71/S/207/A/G, સેટ - A લખવી.



UNNATI EDUCATION
9899436384: 9654-279-279

# GUJARATI

# ગુજરાતી

# (207)

સમય : **3** કલાક] [કુલ ગુણ : **100**

**સૂચના :**

**1** બધા પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે ગુણ આપેલા છે.

**2** બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

**3** બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

**General Instructions :**

(1) Answers of all questions are to be given in the Answer-Book given to you.

(2) 15 minutes time has been allotted to read this question paper. The question paper will be distributed at 02.15 p.m. From 02.15 p.m. to 02.30 p.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

UNNATI EDUCATIONS
EK KADAM UNNATI KI AUR

## વિભાગ - 1

## (ગુણ-50)

**1** ખાલી જગ્યા પૂરો : **5**

(1) 'જશોદા તારા કાનુડાને' કાવ્યમાં _______ બાળલીલાઓનું વર્ણન થયું છે.

(2) કૃષ્ણ રોજ ગાયો ચરાવા _______ જાય છે.

(3) ઉનાળાના ધખધખતા બપોરનું વર્ણન _______ કાવ્યમાં થયું છે.

(4) 'હાં રે કોઈ માધવ લ્યો' કાવ્યના _______ કર્તા છે.

(5) તડકો _______ મન કરતાં પણ અટલ છે.



UNNATI EDUCATION
9899436384: 9654-279-279

2 આપેલા સવાલોના જવાબ આપો : 5

(1) 'જશોદા તારા કાનુડાને' કાવ્ય કયા શાસ્ત્રીય રાગમાં લખાયેલું છે?

(2) 'કોણ' કાવ્યમાં શાના કારણે 'નાદ' અનુભવાય છે?

(3) કોના સેંથે ઝાકળ મોતીમાળ ગૂંથાયેલી છે?

(4) 'ગુર્જરભારતવાસી' કાવ્યનો કર્તા જણાવો.

(5) 'પુષ્પ' શબ્દનો પર્યાય લખો.

3 આપેલા સવાલોના જવાબ આપો : 15

(1) ધ્રુવ પંક્તિ કોને કહેવાય છે?

(2) કવિ 'નિરંજન ભગતના' કાવ્યનું નામ જણાવો.

(3) વ્રજનારીઓ કોના મત પ્રમાણે જૂઠી છે?

(4) ઈશ્વર ક્યાં બેસીને હસે છે?

(5) કવિનું ચિત્ત ગાંધી-કૃષ્ણની શેની ઉપાસના કરવા ઈચ્છે છે?

(6) વૈદેહીનું ધનુષ કોનાથી ચડી ગયું?

(7) ગુજરાતના લોકોની મહિમાનું ગાન કયા કાવ્યમાં કરવામાં આવ્યું છે?

(8) શરીર શું કરવાથી સુધરે છે?

(9) બજરંગ બલીની જય ક્યાં બોલાવામાં આવે છે?

(10) 'મારી વ્યાયામ સાધના'ના નાયકમાં કયો દુર્ગુણ હતો?

(11) ચીત થવું એટલે શું?

(12) સૂર્ય ઉત્તર તરફ ગતિ કરે એ દિવસને શું કહેવાય છે?

(13) શિયાળામાં દિવસો કેવા હોય?

(14) 'ઉત્સવ' શબ્દનો પર્યાય જણાવો.

(15) ઉત્તરાયણ સમયે મનુષ્યની છાયા કેવી હોય છે?



UNNATI EDUCATION
9899436384: 9654-279-279

**4** વૈકલ્પિક પ્રશ્નો : **25**

(1) કુંભ મેળો ક્યાં ભરાય છે?

(A) હરિદ્વારમાં (B) ઋષિકેશમાં

(C) વારાણસીમાં (D) અલ્હાબાદમાં

(2) ઉડવાની શક્તિ કોનામાં છે?

(A) દોરામાં (B) પતંગમાં

(C) સોયમાં (D) ફૂલમાં

(3) ગોપીઓ કાનુડાની ફરિયાદ કોને કરે છે?

(A) નંદરાયને (B) દેવકીને

(C) જશોદાને (D) મહારાજને

(4) ત્રિવેણી કોને કહેવાય છે?

(A) ત્રણ વેણીઓને (B) ત્રણ વીણાને

(C) ત્રણ નદીઓના સંગમને (D) ત્રણ સખીઓના મિલનને

(5) આબુ પર્વત ગુજરાતની કઈ દિશામાં છે?

(A) પૂર્વ (B) પશ્ચિમ

(C) ઉત્તર (D) દક્ષિણ

(6) સંધ્યા સમયના આકાશની વાત કયા કાવ્યમાં થઈ છે?

(A) કોણ (B) તડકો

(C) હાં રે કોઈ માધવ લ્યો (D) અવસાન-સંદેશ

(7) અખાડામાં જઈ નાયકને શું કરવું હતું?

(A) દંડ-બેઠક (B) રમત

(C) દોડવું (D) યોગાસન કરવું

(8) લેખકે પ્રયાગરાજની યાત્રા કયા મહિનામાં કરી?

(A) વૈશાખ (B) શ્રાવણ

(C) ફાગણ (D) કાર્તિક



UNNATI EDUCATIONS EK KADAM UNNATI KI AUR
UNNATI EDUCATION
9899436384: 9654-279-279

(9) 'મારી મા' પાઠમાં કોને માતામાં ભગવાનનું સ્વરૂપ દેખાય છે?

(A) પિતાજીને (B) પ્રધાનાચાર્યાને

(C) સખીને (D) નાયિકાને

(10) મારી મા પાઠની નાયિકા શહેરમાં મામાના ઘરે શા માટે રહી?

(A) લગ્ન કરવા માટે (B) મોજ-મસ્તી કરવા માટે

(C) આગળ અભ્યાસ કરવા માટે (D) નોકરી કરવા માટે

(11) માંગલ્યનું પ્રતીક કયા વૃક્ષને માનવામાં આવે છે?

(A) વટવૃક્ષ (B) આસોપાલવ

(C) પીપળ (D) લીમડો

(12) 'એક પ્રશ્ન' પાઠના નાયકની પત્નીનું નામ શું હતું?

(A) સીતા (B) રાધા

(C) મીરા (D) ગૌરી

(13) 'જે સાચું બોલે' તેને ________ કહેવાય છે.

(A) સત્યવાદી (B) સમાજવાદી

(C) અમદાવાદી (D) રાષ્ટ્રવાદી

(14) યોગ્ય જોડણી કઈ છે તે લખો.

(A) પેહરણ (B) પ્હેરણ

(C) પ્હએરણ (D) પહેરણ

(15) 'ઉશ્કેરાઈ જવું' રૂઢિપ્રયોગનો અર્થ છે -

(A) નોખા પડવું (B) તલ્લીન થવું

(C) ભાગી જવું (D) ગુસ્સે થવું

(16) રાજઘાટમાં કોની સમાધિ છે?

(A) નેહરુજીની (B) ગાંધીજીની

(C) શાસ્ત્રીજીની (D) ઈન્દિરા ગાંધીની



UNNATI EDUCATIONS
EK KADAM UNNATI KI AUR
UNNATI EDUCATION
9899436384: 9654-279-279

(17) દહીં વેચવા નિકળેલી ગોપીઓ શું બોલે છે?

(A) દહીં લ્યો (B) ઘી લ્યો

(C) માખણ લ્યો (D) માધવ લ્યો

(18) 'સમજ્યો છૂટ્યો રણથી'માંનો અલંકાર ઓળખો.

(A) ઉપમા (B) રૂપક

(C) ઉત્પ્રેક્ષા (D) યમક

(19) વિરોધી શબ્દની સાચી જોડણી ન હોય તેઃ

(A) રાત × દિવસ (B) અંદર × બાહર

(C) હસવું × રડવું (D) સંધ્યા × સાંજ

(20) 'મુક્તક'ના કવિ કોણ છે?

(A) મકરંદ દવે (B) બરકત વિરાણી

(C) ઈશ્વર પેટલીકર (D) ઝવેરચંદ મેઘાણી

(21) 'જે રોગ મુક્ત હોય' શબ્દસમૂહ માટે એક શબ્દ છેઃ

(A) રોગમુક્તી (B) નિરોગી

(C) વિરોધી (D) યોગી

(22) 'હાઈકુ'માં કુલ કેટલા અક્ષર હોય છે?

(A) 15 (B) 20

(C) 27 (D) 17

(23) અખાએ છપ્પામાં અંધશ્રદ્ધાના કુલ કેટલા દૃષ્ટાંતો આપ્યા છે?

(A) ત્રણ (B) ચાર

(C) પાંચ (D) બે

(24) રાત્રિ પૂરી થવાનો સંકેત આપતું ગાન કયું પક્ષી ગાય છે?

(A) કોયલ (B) સાબર

(C) પીળક (D) પોપટ

(25) 'પૃથ્વી' શબ્દનો પર્યાયવાચી છે -

(A) આભ (B) આકાશ

(C) ધરતી (D) નભ



UNNATI EDUCATIONS
EK KADAM UNNATI KI AUR
UNNATI EDUCATION
9899436384: 9654-279-279

## વિભાગ - 2

## (ગુણ-50)

**5** નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **ચાર**ના ટૂંકમાં જવાબ આપો : **8**

(1) 'બેની લડાઈમાં ત્રીજો ખાઈ જાય' આ કહેવત અહીં કેમ વાપરી છે?

(2) દેવશંકરને લાડુની તાલાવેલી લાગી હતી એમ શા પરથી કહી શકો?

(3) નાયકની બાબતમાં અખાડાના સંચાલકના મગજમાં કયા ખોટા-ખોટા ખ્યાલો પ્રવર્તે છે?

(4) લેખકે પ્રયાગરાજની યાત્રા કયા મહિનામાં કરી અને તેમની યાત્રાનું પહેલું ધામ કયું હતું? તે ત્યાં શા માટે ગયા હતા?

(5) ત્રીજા મુક્તક દ્વારા કવિ કયો સંદેશ આપે છે? તે માટે કવિ શેનું દૃષ્ટાંત આપે છે?

**6** નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **છ** પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો : **18**

(1) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય બનાવો.

(i) પાડ માનવો

(ii) સડક થઈ જવું

(iii) અક્કલનો ઓથમીર

(2) પતંગમાં શું છે? પતંગ ચગાવતા આપણને કઈ-કઈ મુશ્કેલીઓ પડશે?

(3) 'વિભાગ-ક'માં આપેલ દરેક શબ્દનો વિરોધી શબ્દ 'વિભાગ-ખ'માંથી શોધીને લખો.

| વિભાગ-ક | વિભાગ-ખ |
|---|---|
| સ્વતંત્ર | નિરાશ્રિત |
| નિરર્થક | પરતંત્ર |
| આશ્રિત | સાર્થક |
| | પારદર્શી |

(4) 'પતંગિયું અને ચંબેલી! એક થયાં ને બની પરી'નો ભાવાર્થ વિસ્તારથી સમજાવો.

(5) ધીરુ પરીખના હાઈકુનો વિચાર સમજાવો. ત્રણેય હાઈકુમાં દેખાતી સમાનતાઓ અને અસમાનતાઓ જણાવો.

(6) 'રસ્તા વસંતના' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

(7) શું ન હોય તો આચરણ દંભ બને? કવિએ કયા-કયા આચરણો દાંભિક ગણાવ્યા છે?



UNNATI EDUCATIONS
EK KADAM UNNATI KI AUR
UNNATI EDUCATION
9899436384: 9654-279-279

**7** નીચેના સવાલોના મુદ્દાસર જવાબ આપોઃ (ગમે તે **ચાર**) **16**

(1) 'દેવશંકરની લાડુ લોલુપતા' સ્પષ્ટ કરો.

(2) નાયક અને પહેલવાન વચ્ચેની કુસ્તીનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

(3) 'હતો દુખિયો થયો સુખિયો, સમજ્યો છૂટ્યો રણથી' પંક્તિમાં નિહિત મર્મને સમજાવો.

(4) 'જૂનું પિયરઘર' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

(5) 'તડકો' કાવ્યના કવિ નિરંજન ભગતનો ટૂંકમાં પરિચય આપો.

**8** નિબંધ-લેખન : (ગમે તે **એક**) **8**

(1) વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

(2) પ્રાણીબાગની મુલાકાત

(3) વર્તમાન શિક્ષાપ્રણાલી

UNNATI EDUCATIONS
EK KADAM UNNATI KI AUR



UNNATI EDUCATION
9899436384: 9654-279-279